### ગોધરામાં માસૂમ સાથે દુષ્કર્મ

# વડોદરામાં વિદ્યાર્થિનીઓ સામે કાર ચાલકે પેન્ટ ઉતારી નાખ્યું!

અમદાવાદ,તા.૧૦

ઢુંઢરમાં ૧૪ મહિનાની બાળકી પર કરવામાં આવેલ પાશવી બળાત્કારની ઘટના હજી લોકમાનસ પરથી હટી નથી ત્યાં બીજો આવો જ એક બનાવ ગોધરામાં સામે આવ્યો છે. અહીં એક યુવાને ચાર મહિનાની બાળકીને પોતાની હવશની શિકાર બની હતી. આ અંગે વેજલપુર પોલીસ મથકે ફરિયા દાખલ કરવામાં આવી છે. વડોદરામાં સ્કૂલે જઈ રહેલી બે બહેનોની છેડતી કરવામાં આવી હતી. વિસનગરમાં એક ત્રણ વર્ષની બાળકી સાથે અડપલાં કરવામાં આવ્યાનો બનાવ પણ પોલીસ ચોપડે નોંધાયો છે.

વેજલપુર નજીક આવેલા એક ગામમાં ભાવિન ઉર્ફે સાભલો પરમાર નામના યુવકે ગામની જ ચાર વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. યુવક બાળકીને ફોસલાવીને કેનાલ પાસે લઈ ગયો હતો. અહીં બળાત્કાર ગુજાર્યા બાદ તેને આવી જ હાલતમાં છોડીને ત્યાંથી ભાગી ગયો હતો. આ અંગે

## વડોદરામાં વિદ્યાર્થિનીને કારમાં ખેંચી લેવાની પ્રયાસ

ત્રીજો એક શરમજનક બનાવ વડોદરાના ડભોઈ રોડ પર બન્યો હતો. અહીં બે પિતરાઇ બહેનોની કોઈ અજાણ્યા કાર ચાલકોએ છેડતી કરી હતી. એટલું જ નહીં બંનેમાંથી એક વિદ્યાર્થિનીને કારમાં ખેંચી લેવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે બંને પિતરાઇ બહેનો સ્કૂલે જઈ રહી હતી ત્યારે એક કાર તેની બાજુમાં આવીને ઉભી રહી ગઈ હતી. આ દરમિયાન કાર ચાલકે બૂમ પાડી હતી. સરનામું પૂછવાને બહાને બૂમ મારી હોવાનું માનીને બંને બહેનો જ્યારે કાર નજીક પહોંચી ત્યારે ચાલકે તેનું અડધું પેન્ટ ઉતારી દીધું હતું. એટલું જ નહીં બંનેમાંથી એક બહેનનો હાથ પકડીને તેને કારમાં ખેંચી લેવાનો પ્રયાસ પણ કર્યો હતો. જોકે, બંનેએ બૂમાબૂમ કરી મૂક્તા ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

### રાંધણ ગેસના સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા ૩ ભાઈઓના ઘર બળીને ખાખ

વલસાડ,તા.૧૦

વલસાડના ઉમરગામના માંગેલાવાડમાં રાંધણ ગેસના સિલિન્ડરમાં બ્લાસ્ટ થતાં ૩ ઘરો બળીને ખાખ થઈ ગયા છે. ઘટનાની જાણ થતા ફાયરફાઈટરો ત્યાં આવી ગયા હતાં. તેમણે સ્થાનિકોની મદદ સાથે આશરે એક કલાકમાં આગ પર કાબુ મેળવી લેવાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જ જાનહાની થઈ નથી.આ મામલે મળતી માહિતી પ્રમાણે માંગેલાવાડમાં એક લાઈનમાં ત્રણ ભાઈના મકાનો આવેલા છે. ત્યાં કોઈ કારણસર આગ લાગતા રાંધણ ગેસનો બોટલ બ્લાસ્ટ થયો હતો. જેના કારણે ત્રણેવ ભાઈઓના ઘર બળીને ખાખ થઈ ગયા છે.આ દુર્ઘટના બની ત્યારે આ સંયુકત પરિવારના લોકો બહાર ગયા હતાં અને એક બા હતા તે પણ બાજુના ઘરમાં ગયા હતાં. જેના કારણે કોઈ જ જાનહાની થઈ નથી.આ ઘટના થતાની સાથે જ સ્થાનિકોએ તરત ફાયર ફાઈટરને સમાચાર આપી દીધા હતાં.




ગુજરાતની રૂપાણી સરકારમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વચ્ચે કોલ્ડવૉર ચાલી રહી હોવાની ભાજપના નેતા માની રહ્યાં છે. ત્યારે ગુજરાત સરકારની જાહેર ખબરો અને હોર્ડિંગ્સમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ફોટો ગાયબ કરી દેવામાં આવતો હોવાની વધુ એક ઘટના નવરાત્રિ મહોત્સવની જાહેર ખબરમાં જોવા મળી હતી. વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવની જાહેર ખબરમાં પીએમ મોદી અને સીએમ રૂપાણીનો ફોટો મુકવામાં આવે છે પરંતુ ગુજરાત સરકારના નંબર ૨ પર ગણાતા નીતિન પટેલનો ફોટો નથી. અગાઉ પણ રૂપાણી સરકારમાં અનેક વખત નીતિન પટેલનો ફોટો ગાયબ કરી દેવામાં આવ્યો હતો.

### ૩૭૯ લોકો સ્વાઈન લુ બાદ સારવાર હેઠળ

# સ્વાઈન ફલૂના વધુ ૫૭ કેસ સપાટીએ : દહેશત અકબંધ

અમદાવાદ, તા.૧૦

સ્વાઈન લુના નવા કેસોનો સિલસિલો જારી રહ્યો છે. આજે સ્વાઈન લુના વધુ ૫૭ કેસો સપાટી ઉપર આવ્યા હતા જ્યારે સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા હજુ પણ ૩૭૯ નોંધાયેલી છે. સ્વાઈન લુના લીધે મોતનો આંકડો ૩૪ ઉપર પહોંચી ચુક્યો છે. અમદાવામાં છેલ્લા ૨૪ કલાકમાં સ્વાઈન લુના કેટલાક નવા મામલા સપાટી ઉપર આવ્યા છે. રાજ્યભરમાં સેંકડો કેસો નોંધાયા છે અને મોટી સંખ્યામાં હાલ લોકો સારવાર હેઠળ છે. જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈન લુને રોકવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. જરૂરી દવાનો જથ્થો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ સ્વાઈન લુના ૫૭ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે.

અમદાવાદની વાત કરવામાં આવે તો શહેરની હોસ્પિટલોમાં સ્વાઈન લુના ઓક્ટોબર મહિનામાં જ અનેક નવા કેસો નોંધાઈ ચુક્યા છે. ગુજરાતમાં સ્વાઈન લુના કારણે મોતનો આંકડો સપ્ટેમ્બર બાદ ૩૪ ઉપર પહોંચ્યો છે જ્યારે આ વર્ષે હજુ સુધી ૪૫ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં મોત થવા માટેના કારણોમાં પુરતી સુવિધાનો પણ અભાવ દેખાઈ રહ્યો



છે. પહેલી સપ્ટેમ્બર બાદથી રાજ્યમાં સ્વાઈન લુના ૧૧૪૧થી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. સ્વાઈન લુના આંકડાઓને લઈને વિરોધાભાષી અહેવાલ આવી રહ્યા છે.

આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વાઈન લુના જુદા જુદા આંકડા આપવામાં આવી રહ્યા છે જેથી મિડિયામાં પણ સ્વાઈન લુના કેસોના આંકડા જુદા જુદા નોંધાઈ રહ્યા છે. વડોદરા, સુરતની સાથે સાથે અમદાવાદ શહેરમાં પણ સ્વાઈન લુના અનેક કેસો નોંધાઈ ચુક્યા છે.

# ભારે વિરોધ વચ્ચે સ્કુલોમાં નવરાત્રિ વેકેશનનો પ્રારંભ

### ૧૬૮૧ શાળાઓમાં નવ દિવસ શિક્ષણકાર્ય બંધ : શિક્ષણ વિભાગ વેકેશનના નિર્ણયનો અમલ કરાવવા માટે મક્કમ

અમદાવાદ, તા.૧૦

છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી અને વિદ્યાર્થીઓની અવઢવ, મૂંઝવણની પરિસ્થિતિ અને વિવાદોની વચ્ચે આજથી શહેરની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નવરાત્રીનું વેકેશન પડી ગયું છે. નવરાત્રી વેકેશન દરમિયાન શહેરની ૧૬૮૧ શાળાઓમાં શિક્ષણકાર્ય આજથી નવ દિવસ માટે બંધ રહેશે. શિક્ષણાધિકારી કચેરી શિક્ષણ વિભાગના આદેશનું પાલન કરાવવા માટે મક્કમ છે. બીજીબાજુ, રાજ્ય સરકારના નવરાત્રિ વેકેશનના નિર્ણયનું જે શાળાઓ પાલન નહી કરે તેવી શાળાઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવાની સરકારે ચીમકી ઉચ્ચારી હોવાથી શિક્ષણવિભાગ આ બાબતે પણ ચાંપતી નજર રાખી રહ્યું છે. અગાઉ ગુજરાત બોર્ડ સિવાયની શાળાઓ કે જે વેકેશનનો વિરોધ કરતી હતી તેવી શાળાઓ તો ઠીક સીબીએસઈની કેટલીક શાળાઓએ પણ વેકેશન જાહેર કરી દીધું છે. આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે આજે અમદાવાદ શહેરની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં નવરાત્રિનું વેકેશન પડી ગયું છે. કોઈપણ શાળામાં શિક્ષણકાર્ય ચાલુ હોય કે ખુલ્લી હોય તેવી ફરિયાદ અમને અત્યાર સુધી મળી નથી. દરેક શાળાઓ તા.૧૮ ઓકટોબર સુધી બંધ રહેશે. કદાચ ટૂંકા સમય માટે નવરાત્રી સેલિબ્રેશન હોય કે પરીક્ષા હોય તો શાળા ખુલ્લી હશે, પરંતુ અમારી પાસે આવી કોઈ ફરિયાદ કે માહિતી આવી નથી. વિદ્યાર્થીઓનું પરીક્ષા ટાણે શિક્ષણકાર્ય અત્યારે બગડશે, પરંતુ સરકારી આદેશ હોઈને તેનું પાલન કરવું જરૂરી હોઈ તમામ ખાનગી શાળાઓ વેકેશનના આદેશનું પાલન કરશે તેવી આશા છે.

### દગુજરાતમાં છવાઈ ગાઢ ધુમ્મસની ચાદર : સુરતની બે લાઈટ ડાયવર્ટ

સુરત,તા.૧૦

દક્ષિણ ગુજરાત સહિત સુરત શહેરમાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસની ચાદર ફેલાઈ હતી. ભાદરવા મહિનાના ગરમીના ઉકળાટ બાદ વહેલી સવારથી ઠંડીના ચમકારા સાથે ગાઢ ધુમ્મસ છવાઈ ગયું હતું. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. લો વિઝિબિલિટીને કારણે વાહન વ્યવહાર ધીમો થઈ ગયો હતો. વાતાવરણમાં એકાએક પલટો જોવા મળી હતો. જ્યારે લો વિઝિબિલિટીના કારણે ટ્રેનની સ્પીડ પણ ધીમી કરવામાં આવી હતી.દક્ષિણ ગુજરાતમાંમાં આજે વહેલી સવારે ધુમ્મસની ચાદર પથરાઈ હતી. ધુમ્મસને પગલે સમગ્ર વિસ્તાર ધુંધળો અને સફેદ ચાદર ઓઢેલો હોય તેવો લાગતો હતો. ઠંડી અને ધુમ્મસને પગલે સ્કુલવાહનો, રોજગારી માટે જતા લોકો અને હાઈ-વે પર લોકોને વાહન ચલાવવામાં ખૂબ મુશ્કેલી પડી હતી.

### ગેરકાયદે કોલ સેન્ટર પકડાવાનો સિલસિલો જારી

# અંતે વટવામાં કોલ સેન્ટરનો પર્દાફાશ થયો : છની ધરપકડ

અમદાવાદ,તા.૧૦

વિદેશી નાગરીકો સાથે ઠગાઈ આચરનાર ઈન્ટરનેશનલ કોલ સેન્ટરને બંધ કરાવવા માટે પોલીસ દ્વારા શહેરમાં અવારનવાર દરોડા પાડી કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ તેમછતાં હજુ પણ શહેરમાં ગેરકાયદે કોલ સેન્ટર પકડાવાનો સિલસિલો જારી રહ્યો છે. પોલીસ કેસથી બચવા માટે હવે ગઠીયાઓએ શહેરના ખૂણેખાંચરે નાના નાના કોલ સેન્ટર શરૂ કરી દીધા છે. આવું જ એક કોલ સેન્ટર ગઈકાલે મોડી રાતે વટવા વિસ્તારમાં આવેલા એક મકાનમાંથી પોલીસે પકડી પાડ્યું હતું અને આ ગુનામાં છ આરોપીઓને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ગેરકાયદે કોલ સેન્ટર ચલાવતાં છ યુવકો અમેરિકન નાગરિકોને લોન આપવાની લાલચ આપી જુદી જુદી વેરિફીકેશન ફી, લોન એગ્રીમેન્ટ ફી સહિતની અનેક લાલચો આપીને રૂપિયા પડાવતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી છ લેપટોપ, છ મોબાઈલ, છ રાઉટર અને છ મેજિક જેક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. વટવા પોલીસને બાતમી મળી હતી કે, વટવા વિસ્તારમાં આવેલ કુતુબનગરમાં વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરવાનું ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ચાલી રહ્યું છે. બાતમીના આધારે વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિત ડી સ્ટાફની ટીમ મોડી રાતે ઘટનાસ્થળે પહોંચીને દરોડા પડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે ૫ યુવકોની ધરપકડ કરી હતી અને લેપટોપ અને મેજિક જેક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ યુવકો વિરુદ્ધમાં છેતરપિંડી સહિતની વિવિધ કલમો હેઠળનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી શહેરના પૂર્વ વિસ્તારમાં ઈન્ટરનેશનલ કોલ સેન્ટર ધમધમી રહ્યા છે. થોડાક સમય પહેલા ડીસીપી સ્કોવોડે નિકોલ વિસ્તારમાં દિવ્ય જીવન સ્માર્ટ્સ હોમ્સના મકાન નંબર એ/૧૦૫માં વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરવાનું ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પકડ્યું હતું.

## સ્કૂલની ત્રણ વર્ષની બાળકીને રૂમમાં લઈ જઈ સિક્યુરિટી ગાર્ડે અડપલા કર્યા

વિસનગર,તા.૧૦

હિંમતનગરના ઢુંઢરમાં ૧૪ માસની બાળકી પર દુષ્કર્મની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વિસનગરમાં વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. અહીંની ખાનગી સ્કૂલમાં રમતી ૩ વર્ષની બાળકી સાથે સિક્યુરિટીનું કામ લેવા આવેલા ૫૦ વર્ષના આધેડે રૂમમાં લઈ જઈ શારીરિક અડપલાં કર્યાં હોવાની શરમજનક ઘટના પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ છે. ગત ૪ ઓકટોબરે બનેલી આ ઘટના અંગે બાળકીની માતાએ સોમવારે રાત્રે ફરિયાદ નોંધાવતાં હરકતમાં આવેલી પોલીસે પોકસો એકટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.વિસનગરમાં આવેલી ખાનગી સ્કૂલમાં અભ્યાસ કરતી ૩ વર્ષની બાળકી ગત ૪ ઓકટોબરે સવારે ૮-૩૦ વાગ્યે સ્કૂલમાં આવી હતી. જે સ્કૂલની લપસણી નજીક રમી રહી હતી તે દરમિયાન સંસ્થામાં રાસ-ગરબાનો કાર્યક્રમ હોવાથી સિક્યુરિટીના કામ માટે આવેલા માયાબજાર વિસ્તારમાં રહેતા ધોબી અશોક બાબુલાલ નામના ૫૦ વર્ષના આધેડે તેને તેડીને નજીકની રૂમમાં લઈ જઈ શારીરિક અડપલાં કર્યાં હતાં.પોતાની સાથે બનેલી આ ઘટના અંગે ઘરે આવીને બાળકીએ તેની માતાને જાણ કરી હતી. જ્યારે બીજા દિવસે સંસ્થામાં પ્રોગ્રામ દરમિયાન માતા-પિતા સાથે આવેલી બાળકીએ સિક્યુરિટી કરતા અશોક ધોબીને ઓળખી બતાવ્યો હતો. શનિવાર અને રવિવારના રોજ સ્કૂલ બંધ હોવાથી સોમવારે બાળકીના પરિવારજનો સ્કૂલમાં આવ્યા હતા. જ્યાંથી મામલો પોલીસ મથકે આવતાં પોલીસે બાળકીની માતાની ફરિયાદ આધારે આરોપી અશોકભાઈ બાબુલાલ સામે પોકસો હેઠળ ગુનો નોંધી પકડી લીધો હતો.

### પાચ વર્ષ કંઈ નહી કરનાર સરકાર આ મુદ્દે શું કરશે?

# રૂપાણી જેને પરપ્રાંતિયો કહે છે, હું તેને હિન્દુસ્તાની કહીશ

### પરપ્રાંતિય પર થયેલ હુમલાઓ અને તેમની સુરક્ષાને લઈ હાર્દિક પટેલે રાજય સરકાર સામે સીધા સવાલો ઉઠાવ્યા

અમદાવાદ, તા.૧૦

પાટીદાર નેતા હાર્દિક પટેલ આજે રાજકોટની મુલાકાત દરમ્યાન ફરી એકવાર ભાજપ સરકાર પર પ્રહાર કર્યા હતા. રાજકોટના આટકોટ ખાતે ગરબાના ઉદઘાટન પ્રસંગમાં હાજરી આપવા આવેલા હાર્દિકે પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જેને પરપ્રાંતીય કહે છે તેને હું હિન્દુસ્તાની કહું છું. પરપ્રાંતીયો પર હુમલાઓ અને તેઓની સુરક્ષાને લઈ હાર્દિક પટેલે રાજય સરકાર સામે સીધા સવાલો ઉઠાવ્યા હતા. હાર્દિકે સ્પષ્ટ કર્યું હતું કે, તેજસ્વી યાદવ સાથે વાત થઈ અને નીતિશકુમાર સાથે કોઈ વાત થઈ નથી. તમામ હિન્દુસ્તાનીને પાસ દ્વારા જરૂરી મદદ કરવામાં આવશે. અનામતના મુદ્દે ૫-૫ વર્ષે કોઈ નિર્ણય ન લઈ શકનાર રાજ્ય સરકાર આ મુદ્દે શું કરશે એમ કહી સરકાર પર માર્મિક સવાલ ચીંધ્યો હતો.આગામી તા.૩૧ ઓકટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી છે. જેને લઈને હાર્દિક પટેલે રાજકોટ જિલ્લાના સરપંચો સાથે બેઠક યોજી હતી. સરદાર પટેલની જન્મજયંતીને ઐતિહાસિક બનાવવા બધાએ સંકલ્પ લીધો હતો. હાર્દિકે જણાવ્યું હતું કે, સરદાર પટેલે ખેડૂતોને લઈને જે સ્વપન જોયું હતું તે સ્વપન સાકાર કરવાનું અમે કામ કરીશું. સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણીનો કાર્યક્રમ જૂનાગઢમાં યોજાશે. ખેડૂતોના અધિકાર તેમજ સામાજીક ન્યાયને લઈને જાહેર સભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ સભામાં હજારો ખેડૂતો અને લોકો જોડાશે. આવી રીતે સરદાર પટેલને સાચી શ્રદ્ધાંજલિ આપીશું.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે નં-૮ પર અકસ્માતમાં ચારનાં મોત

### આઈસર પાછળ લકઝરી બસ ઘૂસી જતાં લકઝરીના ડ્રાઈવર-કિલનરનું મોત થયું

અમદાવાદ,તા.૧૦

ખેડા જિલ્લામાં અકસ્માતના અલગ અલગ બે બનાવમાં ચાર લોકોનાં મોત થયા છે. અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પર ટ્રકની પાછળ ટ્રેલર ઘૂસી જતાં બે લોકોનાં મોત થયા છે. જ્યારે નેશનલ હાઈવે નંબર-૮ પર એક આઈસર પાછળ લકઝરી બસ ઘૂસી જતાં બે લોકોનાં મોત થયા છે.

ટ્રકની પાછળ ટ્રેલર ઘૂસી ગયું પ્રથમ બનાવમાં અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પર ટ્રકની પાછળ ટ્રેલર ઘૂસી જતાં બે લોકોનાં મોત થયા છે. ચકલાસી પાસે આ અકસ્માત થયો હતો. મૃતકોને પોસ્ટ મોર્ટમ માટે નડિયાદની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.અકસ્માત બાદ બસ રસ્તાની બાજુમાં નીચે ઉતરી ગઈ હતી. ખેડા જિલ્લામાં થયેલા આ બંને અકસ્માત સંદર્ભે પોલીસે ગુનો નોંધીને તપાસ આદરી છે.આઈસર પાછળ બસ ઘૂસી જતાં બેનાં મોત

### ૧૨ બોરની રાયફલ સાફ કરતી વખતે અકસ્માતે ગોળી છૂટી, વૃદ્ધ સિક્યુરિટી ગાર્ડનું મોત

સુરત,તા.૧૦

વરાછામાં એક બેકન્ના સિક્યુરિટી ગાર્ડનું અકસ્માતે ૧૨ બોરની રાયફલમાંથી ગોળી છૂટતા મોત નીપજ્યું હતું. ઘરમાં રાયફલ સાફ કરતા સમયે ગોળી છૂટી હતી. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.વરાછા વિસ્તારમાં આવેલી વર્ષા સોસાયટીમાં રહેતા ભગવાનભાઈ ખૂંટ ઘરની ગેલેરીમાં બેસી ૧૨ બોરની રાયફલ સાફ કરી રહ્યા હતા. દરમિયાન અકસ્માતે ગોળી છૂટી ગઈ હતી. જેથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

### મોટેરામાં રહેતા વેપારીના ઘરમાં ઘરઘાટીનો સપાટો

# વેપારી દુબઈ જતાં ઘરઘાટી ૨૪ લાખ લઈને ફરાર થયો

### મામલામાં ચાંદખેડા પોલીસે જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી : ઘરઘાટીનો શોધવા માટે ચક્રો ગતિમાન

અમદાવાદ,તા. ૧૦

શહેરના મોટેરા વિસ્તારમાં રહેતા વેપારીના ઘરમાં કામ કરતા ઘરઘાટીએ જ રોકડા રૂ. ૨૪ લાખની ચોરી કરી હોવાની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પરિવારના સભ્યો દુબઈ ટૂર પર ગયા હતા તે દરમ્યાનમાં બેડરૂમમાં બેડની અંદર રાખેલા રૂ. ૨૪ લાખની તેણે ચોરી કરી હતી. બાદમાં વેપારીને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે આરોપી ઘરઘાટી સામે ચાંદખેડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપી ઘરઘાટીને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી ઘરઘાટી ચોરી કર્યા બાદ રાજસ્થાન જતો રહ્યો હોવાનું જણાતાં પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે. રાજસ્થાનથી પરત આવતાં તેની પૂછપરછ કરતાં તેણે આ રૂપિયાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ચાંદખેડા પોલીસે ચોરીનો ગુનો નોંધી આરોપી ઘરઘાટીની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ શહેરના મોટેરા વિસ્તારમાં ક્રિષ્ના બંગ્લોઝની બાજુમાં આવેલા સંગાની આદિત્ય હાઈટ્સ નામના ફ્લેટમાં નરેશભાઈ અરોરા તેમના પરિવાર સાથે રહે છે. તેઓ ગુજરાત અને રાજસ્થાનમાં અલગ અલગ જગ્યાએ હોટેલ ધરાવે છે. છેલ્લા છ માસથી તેમના ઘરે મૂળ રાજસ્થાનના કુંભલગઢના રહેવાસી કિશનલાલ ગામેતીને તેઓએ ઘરઘાટી તરીકે નોકરીએ રાખ્યો હતો.

### એસઓજીના દરોડા : ૫૨૮ કિલો નકલી ઘીનો જથ્થો ઝડપાયો

જામનગર,તા.૧૦

શહેરના લીંડી બજાર ચાર રસ્તા પાસે છેલ્લા ઘણા સમયથી નક્લી ઘી બનાવાનો કારોબાર ચાલી રહ્યો હતો. જેની જાણ થતાં જામનગર જીંર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન પોલીસને ૫૨૮ કિલો નકલી ઘીનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે જ પોલીસે ૨ આરોપીઓની ધરપકડ પણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, જામનગરના લીંડી બજાર ચાર રસ્તા પાસે મહમદ સીદીક હારૂનભાઈ ઓસમાણ અને અમીન હારૂનભાઈ ઓસમાણભાઈ કાસ બન્ને પોતાના ઘરે છેલ્લા ઘણા સમયથી વનસ્પતિ ઓઈલ અને પામ ઓઈલની મિલાવટ કરીને નક્લી ઘી બનાવતા હતા.